[7N/44]

SEAT No.__________

Number of Printed Page -02

Sardar Patel University, Vallabh Vidyanagar.

Examination October/November - 2023

M.A. Semester – I (Gujarati)

Paper Code: PA01EGUJ51 (મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય)

Date: 02-11-2023 Time: 10.00 AM to 01.00 PM Marks: 70

પ્રશ્ન-1 હેતુલક્ષી પ્રશ્નો. 10

1. ગુજરાતીમાં સંશોધન-સંપાદનનાં શ્રીગણેશ ................. જેવાં પશ્ચિમી કેળવણી પામેલાં સર્જકોને લીધે થયાં છે.

(A) નંદશંકર મહેતા (B) ન્હાનાલાલ (C) નાથાલાલ ગોહિલ (D) નર્મદ

2. "પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર! તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે..." - આ કાવ્યપંક્તિ ક્યા કવિની છે?

(A) ભાલણ (B) નરસિંહ (C) મીરાં (D) પ્રેમાનંદ

3. 'રાસ' સંજ્ઞાવાળી જૂનામાં જૂની ઉપલબ્ધ કૃતિ કઈ છે?

(A) ભરતેશ્વરબાહુબલિ રાસ (B) જંબૂસ્વામી રાસ (C) આરામશોભા રાસ (D) માધવાનલ કામકંદલા રાસ

4. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં .................ને અનુલક્ષીને ફાગુ કાવ્યપ્રકાર ખીલ્યો છે?

(A) વસંત (B) હેમંત (C) શિશિર (D) વર્ષા

5. 'કડવું' કેટલાં ભાગમાં વિભાજીત હોય છે?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

6. વિધાનોની યથાર્થતા તપાસો.

વિધાન - અ મીરાંબાઈ પ્રેમલક્ષણા ભક્તિધારાના કવયિત્રી છે.

વિધાન - બ અખો જ્ઞાનમાર્ગી પ્રવાહના કવિ છે.

(A) અ સાચું, બ ખોટું (B) અ ખોટું, બ સાચું (C) બન્ને સાચાં (D) બન્ને ખોટાં

7. ......... કવિ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ગરબી માટે જાણીતા છે?

(A) કલ્હણ (B) શામળ (C) દયારામ (D) બિલ્હણ

8. 'વસંતવિલાસ' ફાગુ કઈ સદીના પૂર્વાર્ધમાં રચાયું હોવાનું મનાય છે?

(A) બારમી (B) તેરમી (C) ચૌદમી (D) પંદરમી

9. કયા ગુજરાતી વિદ્વાને 'વસંતવિલાસ' ફાગુની સચિત્ર હસ્તપ્રત શોધી હતી અને શાળાપત્રમાં પ્રકાશિત કરી હતી.

(A) અજ્ઞાત (B) મુનિ જિનવિજય (C) કે. કા. શાસ્ત્રી (D) કે. હ. ધ્રુવ

10. ફગફગ ગુણ વસંત તણા, મઘમઘ સૌ સહકાર, અપાર ટહુકી ............... કરે ત્રિભુવન જયજયકાર.

(A) શોભન (B) નિરમલ (C) કોકિલા (D) મનહર

પ્રશ્ન –2 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સંશોધન-સંપાદનનાં પ્રશ્નોની ચર્ચા કરો. 15

(પાન ઉલટાવો)

અથવા

પ્રશ્ન –2 મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની હસ્તપ્રત વાચન અને ભાવનની સમસ્યાઓ વિશે ચર્ચા કરો.

પ્રશ્ન –3 મધ્યકાલીન ગુજરાતી ભક્તિમાર્ગી કવિતાધારાના મુખ્ય કવિઓનો વિગતે પરિચય કરાવો. 15

અથવા

મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કાવ્ય-પ્રવાહનો સવિસ્તાર પરિચય આપો.

પ્રશ્ન –4 મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય સ્વરૂપ આખ્યાનની સવિસ્તાર ચર્ચા કરો. 15

અથવા

ટૂંકનોંધ લખો. (બન્ને)

1. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય સ્વરૂપઃ પ્રબંધ 2. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય સ્વરૂપઃ રાસ

પ્રશ્ન –5 "'વસંતવિલાસ'માં કડીએ-કડીએ જીવનનો ઉલ્લાસ ઉભરાઈ જાય છે." – આ વિધાનને આધારે 'વસંતવિલાસ' ફાગુની સમીક્ષા કરો. 15

અથવા

ટૂંકનોંધ લખો. (બન્ને)

1. 'વસંતવિલાસ' ફાગુમાં પ્રકૃતિ આલેખન
2. 'વસંતવિલાસ' ફાગુમાં રસ નિરૂપણ